EDI

Divyabhaskar

May 06, 2016
Page No. 1
City Bhaskar

# ‘હિન્દી-ચીની ભાઈ-ભાઈ’ ઉક્તિ સાકાર થઇ

## ઈડીઆઈઆઈ ખાતે 9 મહિનાના કોર્સમાં 13 ચાઈનિઝ સ્ટુડન્ટસે હિન્દી ભાષાની તાલીમ મેળવી

સિટી રિપોર્ટર @ahm_cb

edu talk

આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (ઈડીઆઈઆઈ) ખાતે 13 ચાઈનીઝ સ્ટુડન્ટસે વ્યવસાયિક હિન્દી તાલીમ કોર્સ પૂર્ણ કર્યો હતો. ઈડીઆઈઆઈ દ્વારા આ સ્ટુડન્ટસ્નો પદવીદાન સમારંભ યોજીને સ્ટુડન્ટસના અનુભવો જાણવામાં આવ્યા હતા.

ઈડીઆઈઆઈ ખાતે શરૂ કરાયેલા હિન્દી કોર્સના ડાયરેક્ટર અવધેશ ઝાએ કહ્યું કે ‘ઈન્ડિયા અને ચાઈના વચ્ચે વ્યાપારી સંબધો સારા બને તે માટે ભાષા એક મહત્વનું માધ્યમ છે.ચીન હાલ ખૂબ ઝડપી વિકાસ સાધી રહ્યુ છે ત્યારે ચીન હવે ભારતમાં રોકાણ માટે ઉત્સુક છે.જે બાબતને ધ્યાનમાં રાખી ચીનની યુનાન મિન્જુ યુનિવર્સિટી અને ગ્વાન્ડોન્ગ યુનિવર્સિટીના 13 સ્ટુડન્ટસ હિન્દી ભાષાના માધ્યમથી ઉદ્યોગ સાહસિકતાના પાઠ શીખવા માટે આવ્યા હતા. જેઓ 9 મહિનાના કોર્સના અંતે ખૂબ જ સારું હિન્દુ બોલતા અને ઈન્ડિયન બિઝનેસ વિશેનું પાયાનું નોલેજ મેળવ્યું હતું.’

ચીની વિદ્યાર્થી વુ ઝી ટૅંગે પોતાના અનુભવો શેર કરતા કહ્યું કે ‘શરૂઆતમાં હિન્દી ભાષા અમને ખૂબ અઘરી લાગી હતી.પણ ધીરે ધીરે પાયાથી હિન્દી ભાષા શીખવાની શરૂઆત કરતા અમે અંતે ખૂબ સારી હિન્દી ભાષા શીખી શક્યા.સ્ટડી ટુર્સમાં રાજસ્થાનમાં ફરવાથી અને ભાષાની સાથે સંસ્કૃતિને પણ નજીકથી જાણી શક્યા હતા.’



• હિન્દી શીખવા માટે આવેલા 13 ચાઇનિઝ વિદ્યાર્થીઓના પદવીદાન સમારંભમાં સ્ટુડન્ટ્સ અને ઇડિઆઇઆઇના પ્રોફેસર્સ

### કબીર-રહીનને હૃદયસ્થ કર્યાં

હિન્દી ભાષા શીખવા આવેલા ચાઈનીઝ સ્ટુડન્ટસે હિન્દી ભાષાને ઉંડાણપૂર્વક સમજવા માટે ઈડીઆઈઆઈ દ્વારા હિન્દી ભાષાના જાણીતા કવિઓ જેવા કે કબીર અને રહીમની કૃતિઓના પઠન અને શ્રવણ દ્વારા હિન્દી ભાષામાં પા પા પગલી કરવાનો પ્રારંભ કર્યો હતો.

### નામ પણ હિન્દી રાખવામાં આવ્યાં

ચાઈનીઝ સ્ટુડન્ટસના નવા નામ પણ રાખવામાં આવ્યા છે. જેમાં અનિલ, માલિની, નલિની, મલ્લિકા જેવા હિન્દી નામો રાખવામાં આવ્યા હતા.ઈડીઆઈઆઈ કેમ્પસમાં સ્ટડી કરી રહેલા અન્ય સ્ટુડન્ટસ પણ તેમને ચાઈનીઝ નેમની જગ્યાએ હિન્દી નામોથી જ બોલાવતા હતા.